For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વડોદરા શહેરમાં આસ્થાભેર હોલિકા દહન
















અસત્ય પર સત્યનો વિજય થયો તેના પ્રતીક સમા હોળીના તહેવારની ઉજવણી કરવામાં આવે છે. પરંપરા મુજબ ફાગણ સુદ ચૌદસના દિવસે હોળીને તહેવાર આવતો હોય છે. ત્યાર 13 માર્ચના રોજ હોળીનો તહેવાર હોય શહેરના વિવિધ વિસ્તારોમાં લોકો દ્વારા હોળીનું આયોજન કરાયું હતું અને ખાતમુહુર્ત પ્રમાણે 6.30 વાગ્યા બાદ હોળી પ્રગટાવવાનો સમયે હતો. જેમાં સૌથી મોટી હોળી માંજલપુર વિસ્તારમાં આવી હતી. હોળી પ્રગટાવ્યા બાદ મોટી સંખ્યામાં કન્યાઓ, મહિલાઓ સહિતના લોકો હોળીની પૂજા અર્ચના કરવા સાથે આશીર્વાદ પણ મેળવ્યાં હતા. આજે રંગોના પર્વ ધૂળેટીની ધામધૂમથી ઉજવણી કરાશે. **(તસવીર : રણજીત સૂર્વે)**

### VA Tech Wabagને 70 નોટિસ છતાં એક્સ્ટેન્શન આપી કામ કરાવાયું

# નિમેટા પાણી શુદ્ધિકરણ મથકોના ઈજારાને લઈ વિવાદ, વિરોધ વચ્ચે કામ મુલતવી

**કેટલાક** સભ્યોએ માંગ કરી કે, અગાઉ બ્લેકલિસ્ટ થયેલ કંપનીની યોગ્યતા પર તપાસ બાદ જ કામ આપવામાં આવે

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નિમેટા ખાતે આવેલા પાણી શુદ્ધિકરણ મથકોના સંચાલન અને નિભાવણી માટે પાંચ વર્ષની ઈજારો પદ્ધતિ અમલમાં મુકવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જો કે, કેટલાક સભ્યોના વિરોધને કારણે આ નિર્ણય હાલ મુલતવી રાખવામાં આવ્યો છે. આ માટે રૂ. 13.11 કરોડના ટેન્ડરને મંજૂરી આપવી કે નહીં, એ અંગે સમિતિમાં ચર્ચા થઈ, પરંતુ અંતે કોઇ નિષ્કર્ષ આવ્યો ન હતો. પૂજા કન્સ્ટ્રક્શન અગાઉ પણ આ પ્રોજેક્ટ માટે કામ કરી ચૂક્યું છે, પરંતુ બેદરકારીના આક્ષેપો આવતાં તેને પાલિકા દ્વારા બ્લેકલિસ્ટ કરવામાં આવ્યું. કંપનીએ હાઈકોર્ટમાં જઈને વ્હાઈટલિસ્ટિંગ માટે લડત આપી અને ચુકાદો તેમની તરફેણમાં આવતા, તેમણે ફરી ટેન્ડર ભર્યું.

હાલમાં, VA Tech Wabag કંપની આ કામગીરી સંભાળી રહી છે, પણ તેની કામગીરી સામે પણ અનેક સવાલો છે. કંપનીએ પાણી શુદ્ધિકરણમાં બેદરકારી દાખવી, મથકોની યોગ્ય નિભાવણી કરી નહોતી અને કર્મચારીઓના પગાર મુદ્દે પણ ગેરવહીવટ જોવા મળી હતી. VA Tech Wabag સામે પાલિકા દ્વારા 70 નોટિસ આપવામાં આવી હતી, પણ કોઈ સખત પગલાં લેવામાં આવ્યા ન હતા. પાલિકા દ્વારા તેને 8 કરોડના ખર્ચે કરાર અપાયો હતો, જે મૂળ ભાવે કરતા ઊંચો હતો, અને અંતે ફક્ત 40 લાખ પેનલ્ટી વસુલવામાં આવી.

#### હાઇકોર્ટનો ચુકાદો છતાં કેટલાક સભ્યોએ વિરોધ કર્યો

કેટલાક સભ્યોએ એવો વિરોધ કર્યો કે, એક વખત બ્લેકલિસ્ટ થયેલા પૂજા કન્સ્ટ્રક્શનને આ પ્રોજેક્ટ ફરી સોંપવો ન જોઈએ. બીજી તરફ, કાયદાકીય દ્રષ્ટિએ, હાઇકોર્ટનો ચુકાદો પૂજા કન્સ્ટ્રક્શનના પક્ષમાં આવ્યો છે, અને તેણે વ્હાઈટલિસ્ટ થયા પછી પાલિકા માટે અન્ય પ્રોજેક્ટ પણ પૂર્ણ કર્યા છે. પરંતુ કિન્નાખોરી રાખી માત્ર વિરોધ કરવા ટેવાયેલા સભ્યોએ આ કામ મુલતવી કરાયું.

#### સ્થાયી સમિતિની બેઠકમાં 35 માંથી 32 કામોને મંજૂરી, 3 કામ મુલતવી

સ્થાયી સમિતિની તાજેતરની બેઠકમાં કુલ 35 કામો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી 32 કામોને મંજૂરી અપાઈ છે, જ્યારે 3 કામો મુલતવી રખાયા છે. વડોદરામાં નવા શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોનીની નિમણૂક બાદ સ્થાયી સમિતિમાં વિકાસ કાર્યો વધુ ઝડપી મંજૂર થઈ રહ્યા હોવાનું સ્થાયીના સભ્યોમાં ચર્ચાઈ રહ્યું છે. ડો. સોનીએ સંકલનમાં ફરી તાકીદ કરી કે વિકાસ કાર્યમાં કોઈ અડચણ ન આવે તેની ધ્યાન રાખો.

#### શહેરની પ્રગતિ માટે મજબૂત પગલા ભર્યા છે

સ્થાયીમાં 32 વિકાસ કામોને મંજૂરી આપીને, અમે શહેરની પ્રગતિ માટે મજબૂત પગલા ભર્યા છે. 31 સ્મશાનગૃહો માટે નવી એજન્સીઓની નિમણૂંક, EWS-II લાભાર્થીઓ માટે રૂ. 17.56 કરોડનો વધારાનો ખર્ચ, અને 40 પુલો અને 7 કલવર્ટના નિરીક્ષણ માટે કોન્ટ્રાક્ટ મંજૂર કરી, સુશાસન માટેની પ્રતિબદ્ધતા સાબિત કરી છે.
- **ડૉ. શીતલ મિસ્ત્રી,** ચેરમેન, સ્થાયી સમિતિ

### સંચાલકો ગેરમાર્ગે દોરતા હોવાના આક્ષેપ સાથે ડીઇઓ કચેરી ખાતે રજૂઆત

# અટલાદરાની ટ્રી હાઉસ સ્કૂલની માન્યતા રદ થતા વાલીઓ મુંઝવણમાં મૂકાયા

**ધો.1થી 8માં** અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પણ માન્યતા રદ થવાનો વાલીઓમાં ભય



(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વડોદરાની અટલાદરા ટ્રી હાઉસ કુલ માન્યતા રદ થતા વાલીઓ હવે બહાર આવ્યા છે અને પોતાના બાળકોની ચિંતા વ્યક્ત કરતા આ સ્કૂલની માન્યતા રદ થતા હવે આગામી અભ્યાસનું શું અને સંચાલકો દ્વારા તેઓને ગેરમાર્ગે દોરવામાં આવતા હોવાના આક્ષેપો સાથે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે પહોંચી રજૂઆત કરી હતી.

ડીઈઓ કચેરી ખાતે વાલી મંડળને સાથે રાખી રજૂઆત માટે પહોંચેલા વાલીઓએ જણાવ્યું હતું કે અઠવાડિયા પહેલા અમે સ્કૂલ સંચાલકોને પૂછ્યું હતું. ત્યારે, સ્કૂલ દ્વારા અમારી પાસે બુકો મંગાવવામાં આવે છે અને ત્યારબાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેઓનું કહેવું છે કે, ધોરણ 1 થી 8ની માન્યતા અમારી પાસે છે રદ થઈ નથી, તો ચિંતા કરવાની જરૂર નથી. હાલમાં સીબીએસઈ પ્રાદેશિક કચેરી દ્વારા સ્કૂલની માન્યતા રદ કરવામાં આવી છે. જેમાં ધોરણ 9 અને 11ની વૈકલ્પિક વ્યવસ્થા આસપાસની સીબીએસસી સ્કૂલમાં કરવાની વાત કરવામાં આવી છે. ત્યારે વાલીઓને ડર છે કે, ધોરણ 1થી 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પણ માન્યતા રદ થશે તો અમે ક્યાં જઈશું, જેને લઈને અમને ચિંતા છે. અન્ય વાલીઓનું પણ કહેવું છે કે, એક તરફ બાળકો સ્કૂલ ચેન્જ કરવા તૈયાર નથી આજ દિન સુધી અમને અંધારામાં રખાયા છે. સત્રની ફી પણ ભરવામાં આવી છે, અને ચોપડા પણ ખરીદી લીધા છે. ત્યારે અધવચ્ચે માન્યતા રદ થશે તો અમે ક્યાં જઈશું. આ અંગે ડીઈઓ કચેરીના અધિકારી કે.બી. પરમારે જણાવ્યું હતું કે, વાલીઓની રજૂઆત હતી કે અમારા બાળકો ધોરણ 9 થી 12માં અભ્યાસ કરે છે. તેઓનું કહેવું છે કે માન્યતા આ સ્કૂલની રદ કરાઈ છે. આ બાબતે વાલીઓની રજૂઆત અંતર્ગત હકારાત્મક કાર્યવાહી કરીશું. એકથી આઠની મંજૂરી દર્શાવેલ આ પત્રમાં છે કે નહીં તે બાબતે તપાસ કરી અને યોગ્ય નિર્ણય લઈશું.

### ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ પણ ટ્રાફીક પોલીસ દ્વારા કાર્યવાહી

# હેલ્મેટ નહીં પહેરનાર સરકારી કર્મચારી સહિત 815 વાહન ચાલકોને રૂ. 4.07 લાખનો દંડ

**સરકારી** કચેરીઓ સહિતના સ્થળ પર વહેલી સવારથી પોલીસ તૈનાત કરી દેવાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરમાં સરકારી કર્મચારીઓ સહિત હવે આમ જનતા માટે પણ ટુ વ્હીલર ચાલકો માટે પણ હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. સરકારી કચેરીઓ સિવાયના સ્થળ પર પોલીસ ગોઠવી દેવામાં આવી હતી અને હેલ્મેટ નહીં પહેરીને આવનારા ટુ વ્હીલર ચાલકો વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી કરાઈ હતી. ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ વગરના 815 વાહન ચાલકો પાસેથી રૂ. 4.07 લાખનો દંડ વસૂલ કરાયો છે. અન્ય ટ્રાફિકના નિયમોનો પણ ભંગ કરના વિરુદ્ધ પણ પોલીસ દ્વારા લાલ આંખ કરાઈ રહી છે.

તાજેતરમાં જ રાજ્ય પોલીસ વડા દ્વારા સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ નો કાયદો ફરજિયાત કરાયો હતો. સરકારી ઓમા નોકરી ઉપર આવતા કર્મચારીઓએ હેલ્મેટ ન પહેર્યું હોય તો તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરવાની સૂચના અપાઈ હતી. જેને લઈને સરકારી કચેરીઓ પર પોલીસ તઈનાદ કરી દેવામાં આવી હતી અને હેલ્મેટ નહિ પહેરનાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરાઈ હતી. ત્યારે હવે હેલ્મેટ નહીં કરનાર શહેરીજનો વિરુદ્ધ પણ પોલીસ વિભાગે કાર્યવાહી કરવાનું શરૂ કર્યું છે. તારીખ 13 માર્ચના રોજ વહેલી સવારથી જ સરકારી કચેરીઓ પર પોલીસ કર્મચારીઓ ખડકી દેવામાં આવ્યા હતા અને જો કચેરીઓમાં કામ અર્થે આવતા ટુ વ્હીલર વાહન ચાલકોએ હેલ્મેટ પહેર્યું ન હોય તો તેવા 815 ટુ વ્હીલર ચાલકો પાસેથી રૂ.4.07 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો સાથે સાથે વાહન ચાલકો પાસે તેમનું પોતાનું લાયસન્સ ઉપરાંત પીયુસી સહિતના ડોક્યુમેન્ટ છે કે નહીં તેની પણ ચકાસણી કરાઈ હતી. જેમની પાસે લાઈસન્સ સહિતના ડોક્યુમેન્ટ ન હોય તેમને દંડ ફટકારવામાં આવ્યો હતો. જેને લઈને હવે વાહનચાલકોમાં પણ ફફડાટ ફેલાયો છે અને હેલ્મેટ પહેરવાની ટુ વ્હીલર ચાલકોને ફરજ પડી રહી છે.

#### CCTV દ્વારા પાન મસાલા ખાઇને થૂકનારા તથા ગંદકી કરનાર વિરુદ્ધ પણ કાર્યવાહી

વડોદરા શહેર ટ્રાફિક પોલીસ ટ્રાફિક ઉલ્લંઘનોનું નિરીક્ષણ કરવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહી છે, જેમાં CCTV કેમેરા અને ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સિસ્ટમો પોલીસને ટ્રાફિક ઉલ્લંઘન કરનારાઓને ઝડપથી ઓળખવામાં અને દંડ કરવામાં મદદ કરે છે. એટલું જ નહીં આ CCTV કેમેરા થી રસ્તા પર પાન મસાલા ખાઈને થુકનારાઓ અથવા ગંદકી કરનારાઓ જ્યાં ત્યાં કચરો ફેકનાર આ તમામને દંડ ફટકારવા માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કાર્યવાહી કરી દંડ પણ વસુલાસે આ કાર્યવાહી કરવાનો મુખ્ય હેતુ વડોદરા શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા મટે નો પ્રયત્ન છે.

# NCRT માર્ચથી મે મહિનામાં વધુ ચાર ધોરણોનાં નવા પાઠય પુસ્તકો લાવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

એનસીઈઆરટી માર્ચથી મે મહિનામાં વધુ ચાર ધોરણોનાં નવા પાઠય પુસ્તકો લાવશે. ટેક્સ્ટ બુકને પાયરસીથી બચાવવા સોફ્ટ કોપી પહેલા જ પ્રિન્ટેડ કોપી આવી જશે. નવા પાઠય પુસ્તકના શેડયુલ મુદ્દે એનસીઈઆરટીએ સીબીએસસીને પત્ર લખ્યો છે.

રાષ્ટ્રીય શૈક્ષિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ એનસીઈઆરટી એ નવા સત્રમાં આવનારી પાઠય પુસ્તકનું શેડયુલ જાહેર કર્યું છે. હજુ સુધી બાલવાટિકાની સાથે સાથે કલાસ 1-2-3 અને 6 ના નવા પાઠય પુસ્તક ગત સત્રમાં જ આવી ચુકયા છે અને 2025-26 માં ચાર વધુ ધોરણના નવા પાઠય પુસ્તકો તૈયાર કરાયા છે. એનસીઈઆરટીના ડાયરેકટર પ્રોફેસર દિનેશ પ્રસાદ સકલાનીએ જણાવ્યું હતું કે, સ્કુલી શિક્ષણ માટે નેશનલ કરીકુલમ ફ્રેમ વર્કનાં આધારે તૈયાર ધો.4 અને 7ના પાઠય પુસ્તકો માર્ચનાં અંતમાં મળવી શરૂ થઈ જશે અને એપ્રિલ સુધીમાં બધા વિષયોનાં પાઠય પુસ્તકો આવી જશે. આ સાથે જ ધોરણ 5 અને 8 ના પાઠય પુસ્તકો 15 મેથી આવવા શરૂ થઈ જશે.

### આજવા રોડ પર આવેલી સોસાયટીમાં રહેતુ દંપતી વહેલી સવારે ચાલવા માટે નીકળ્યું હતુ

# મોર્નિંગ વોકમાં નીકળેલી મહિલાના ગળામાંથી સોનાની ચેન તોડનાર બે રીઢા આરોપી ઝડપાયાં

**ક્રાઇમ** બ્રાન્ચે બંને ચેન વેચાણ કરવાની ફિરાકમાં ફરતા હોય પાણીગેટ વિસ્તારમાંથી દબોચ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.13

અછોડાતોડ ટોળકીના આરોપીઓને પોલીસ ઝડપી પાડતી હોવા છતાં વડોદરા શહેરમાં ચેન સ્નેચિંગના બનાવો તો બનતા જ રહે છે. ત્યારે આજવા રોડ પર વધુ એક મહિલાનો અછોડો તૂટ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. યોગેશ્વર ટાઉનશિપમાં રહેતું દંપતી મોર્નિંગ વોકમાં નીકળ્યું હતું. તે દરમિયાન નંબર પ્લેટ વગરની બાઈક પર આવેલા બે ગઠીયા મહિલાના ગળામાંથી રૂપિયા 35 હજારની સોનાની ચેન તોડીને રફૂચક્કર થઈ ગયા હતા. ક્રાઈમ બ્રાન્ચે બંને ગઠિયાઓ આયુર્વેદિક કોલેજ રોડ પરથી ઝડપી પાડી બાપોદ પોલીસને સોંપ્યા છે.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં અછોડાતોડ ટોળકી જાણે આતંક મચાવી મૂક્યો છે, પોલીસ દ્વારા પણ જેને સ્નેચિંગના ગુના આચારનાર આરોપીઓની પણ ધરપકડ કરી લેવામાં આવે છે. તેમ છતાં ચાલતા તથા ટુવ્હીલર પર જઈ રહેલી મહિલાઓને નિશાન બનાવીને તેમના ગળા માંથી સોનાની ચેન અને મંગળસૂત્રની ચીલ ઝડપ થવાની ઘટનાઓ બંધ થવાનું નામ લેતી નથી. ત્યારે આજવા રોડ પર વધુ એક મહિલાનો અછોડો તૂટ્યો હોવાનો બનાવ સામે છે. જેમાં એવી વિગત છે કે આજવા રોડ પર આવેલી જય યોગેશ્વર ટાઉનશિપ વિભાગ 2 સોસાયટીમાં રહેતા ચંદ્રકાંતી ભોલાપ્રસાદ સિંહ પોતાના પતિ સાથે વહેલી સવારે મોર્નિંગ વોક કરવા માટે નીકળ્યા હતા. તેમનું ચાલવાનું પૂર્ણ કરીને દંપતી પંડિત દિન દયાળ ચાર રસ્તા પાસેથી પોતાના ઘરે પરત જઈ રહ્યા હતા. તે દરમિયાન નંબર વગરની બાઈક પર આવેલા બે ગઠીયા પૈકી એક શખ્સે અચાનક મહિલાના ગળામાં હાથ નાખીને રૂપિયા 35 હજારની પેન્ડલ સાથેની એક તોલાની સોનાની ચેન તોડીને રફુચક્કર થઈ ગયા હતા. પતિએ પોલીસ કંટ્રોલમાં ફોન કર્યો હતો પરંતુ બાઈક સવાર બંને ગઠીયા આજવા ચેકપોસ્ટ તરફ જતા ભરવાડ વાસની ગલીમાંથી વળીને ફરાર થઈ ગયા હતા. મહિલાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે ક્રાઈમ બ્રાન્ચ આ અછોડા બાઈક સવારની શોધખોળ કરી રહી હતી. ત્યારે બાતમી મળી હતી કે અગાઉ ઝડપાયેલા અજય કાળીબોટી રાજપૂત તથા હર્ષિલ રોહિત સોનાની ચેન ચોરી લાવ્યા છે અને વેચાણ કરવાન ફિરાકમાં પાણીગેટ આયુર્વેદિક કોલેજ રોડ પર ફરી રહ્યા છે. જેથી ક્રાઈમ બ્રાન્ચે ત્યા પહોંચીને બંને ઝડપી પાડ્યા હતા. તેમી પાસથી સોનાની રૂ. 1.01 લાખ અને બાઈક મળી રૂ. 1.71 લાખ મુદ્દામાલ રિકવર કરીને બાપોદ પોલીસને સોંપાયા છે.

#### અજય ઉર્ફે અજલો અગાઉ ૭ વિવિધ ગુનામાં જ્યારે હર્ષિલ વાહનચોરમાં ઝડપાયો હતો

ઝડપાયેલા બંને આરોપી અજય ઉર્ફે અજલો અગાઉ ચેન સ્નેચિંગ, પર્સની ચીલઝડપ, વાહનચોરી, ઘરફોડ, સહિતના ૭ દુનામાં પકડાયો છે. ઉપરાંત ત્રણમહિના પહેલા જેલમાં રહ્યા બાદ પાંચ દિવસ અગાઉ છુટ્યો હતો. ત્યારબાદ બાદ ફરી ચેન સ્નેચિંગમાં ઝડપાયો છે. ઉપરાતં હર્ષિલ રોહિત અગાઉ પણ વાહન ચોરીમાં ઝડપાયો હતો. તેના વિરુદ્ધ બાપોદ પોલીસ સ્ટેશનમા ગુનો દાખલ છે.